## રાજકોટ મહાનગરપાલિકા

ડૉ. આંબેડકર ભવન, ઢેબરભાઈ રોડ, રાજકોટ-૩૬૦ ૦૦૧


-: અખબારી યાદી:-

# “શહીદ દિન” નિમિતે મ્યુનિ. કમિશનરશ્રી અમિત અરોરા સહીત વિવિધ શાખાઓ દ્વારા બે મીનીટ મૌન પાડવામાં આવ્યું

તારીખ: ૩૦-૦૧-૨૦૨૩



ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામમાં જે શહીદ વીરોએ પોતાના પ્રાણનાં બલિદાન આપ્યા છે તેવા શહીદ વીરોની સ્મૃતિમાં આજે તા. ૩૦-૦૧-૨૦૨૩નાં રોજ "શહીદ દિન"નાં રોજ સવારે ૧૧:૦૦ કલાકે મ્યુનિ. કમિશનરશ્રી અમિત અરોરા સહીત વિવિધ શાખાઓના અધિકારીશ્રી / કર્મચારીશ્રીઓએ બે મીનીટ મૌન પાળી સ્વદેશ માટે પ્રાણની આહુતિ આપનાર શહીદ વીરો પ્રત્યેનું ઋણ અદા કરવામાં આવ્યું.

રાજકોટ મહાનગરપાલિકાની કમિશનર શાખા સહીત તમામ શાખાનાં અધિકારીશ્રીઓ / કર્મચારીશ્રીઓ દ્વારા સવારે ૨ મીનીટ મૌન પાળી શહીદ વીરોને ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.

(જન સંપર્ક અધિકારી)
રાજકોટ મહાનગરપાલિકા